# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
અંક-૨૨, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૧૪




## યુજીવીસીએલે IUKAN તરફથી સંશોધનાત્મક આવિષ્કાર માટે એવોર્ડ પ્રાપ્ત કર્યો



યુજીવીસીએલ દ્વારા વિઝન ૨૦૨૦ અન્વયે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે થીમ પેવેલિયનનું આયોજન



હિંમતનગર ખાતે નવનિર્મિત મકાન માટેનું ખાતમુહૂર્ત કરતાં મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ



ટીંટોઈ ખાતે નવનિર્મિત મકાન માટેનું ખાતમુહૂર્ત કરતા મંત્રી શ્રી રમણલાલ વોરા

# આ અંકમાં

વર્ષ–૪ અંક–૨૨, જાન્યુઆરી – ફેબ્રુઆરી ૨૦૧૪
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એન. શ્રીવાસ્તવ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રીમતી છાયાબેન દસાઈ, ઇજનેર (ઓપરેશન)
શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી પી. જે. ત્રિવેદી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એમ. બી. જાકાસણીયા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એ. કે. મંગલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી એચ.એમ. રામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી બી. પી. બુચ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in, managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com

સંકલન : ૨૦/૨/૨૦૧૪

## આ અંકમાં

**ઉજવણી**

» યુજીવીસીએલ દ્વારા ૨૬મી જાન્યુઆરી ગણતંત્રદિનની ઉત્સાહભેર ઉજવણી.....૦૪

**એવોર્ડ**

» યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ એવોર્ડ... ૦૮

**સમાચાર**

» ટીંટોઈ ખાતે નવનિર્મિત મકાન માટેનું ખાતમુહૂર્ત કરતા માનનીય મંત્રી શ્રી રમણલાલ વોરા.....૧૦
» હિંમતનગરમાં પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ યુજીવીસીએલનો ટેબ્લો.....૧૦
» હિંમતનગર ખાતે શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે નવીન મકાનના બાંધકામનું ભૂમિપૂજન.....૧૧
» અરવલ્લી ઉત્સવ નિમિત્તે મોડાસા ખાતે યુજીવીસીએલ દ્વારા સ્ટોલનું નિદર્શન.....૧૧
» મહેસાણા ખાતે આરએસઓના નવનિર્મિત મકાનનું લોકાર્પણ.....૧૨
» મહેસાણા ખાતે નવનિર્મિત વિભાગીય કચેરી અને ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન.....૧૨
» યુજીવીસીએલ દ્વારા ગ્લોરિયસ ગુજરાત વિઝન ૨૦૨૦ અન્વયે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે થીમ પેવેલિયનનું આયોજન.....૧૪

**કાવ્યધારા**

» પ્રાર્થના : ઈશ્વર સાથેનો સંવાદ.....૧૫
» !! આરાધના !!.....૧૫
» અધૂરપ.....૧૫



**પોતાનાં મૂળ કર્તવ્યો પૂર્ણ નિષ્ઠાથી નિભાવવા અને સાથોસાથ ભવિષ્યલક્ષી સંશોધનો કરવાં તેમ જ સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં ભાગ લેવો એ સ્વસ્થ વિકાસની ચાવી છે. મને આનંદ છે કે આપ સૌ આ રીતે વિવિધ દિશાઓમાં સક્રિય છો.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

એક કાર્યક્ષમ વીજ વિતરણ કંપની તરીકે આપણી કંપની પોતાના ગ્રાહકોને સતત વિશ્વસનીય વીજપૂરવઠો પૂરો પાડવાની પ્રાથમિક જવાબદારી તો સંનિષ્ઠ રીતે નિભાવી જ રહી છે, એ સાથે આવનારા સમયનો વિચાર કરીને વિવિધ પ્રકારે સંશોધનોનું કાર્ય પણ આગળ ધપાવી રહી છે. આપણી આ લાક્ષણિકતાની હવે રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ છે. આપ સૌને જાણીને આનંદ થશે કે રાષ્ટ્રીય સ્તરે કાર્યરત ઇન્ડિયા યુટિલિટી નોલેજ એન્ડ નેટવર્કિંગ ફોરમ (IUKAN) દ્વારા વીજક્ષેત્રે નોંધપાત્ર સંશોધનાત્મક કામગીરી માટે યુજીવીસીએલને 'બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ ગૌરવ માટે આપ સૌ અભિનંદનના અધિકારી છો.

મિત્રો, આ વર્ષની શરૂઆત આપણા સૌ માટે વિવિધ પ્રવૃત્તિઓથી નોંધપાત્ર બની રહી. જેમ કે અમદાવાદ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આપણે વિઝન ૨૦૨૦ અન્વયે થીમ પેવેલિયનનું પ્રભાવશાળી આયોજન કર્યું. નવનિર્મિત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પણ આપણે સ્માર્ટ ગ્રીડ અને સ્માર્ટ મીટર વિષય પર સ્ટોલનું આયોજન કર્યું, જેની માનનીય ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે પણ મુલાકાત લીધી. એ રીતે હિંમતનગર ખાતે ૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં આકર્ષક ટેબ્લો સાથે આપણે ઉત્સાહભેર સામેલ થયા.

આ સમયગાળામાં ટીંટોઈ અને હિંમતનગર ખાતે રાજ્યનાં માનનીય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને માનનીય મંત્રી શ્રી રમણભાઈ વોરાના વરદ હસ્તે યુજીવીસીએલની કચેરીનાં નવા મકાનો માટે શુભ ભૂમિપૂજન થયાં.

આ રીતે વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહેવાની સાથોસાથ આપણે આપણી મૂળ કામગીરી નિષ્ઠાભેર આગળ ધપાવી રહ્યા છીએ એ આનંદ અને સંતોષની વાત છે.

શુભેચ્છાઓ સાથે,

**એન. શ્રીવાસ્તવ,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

**તા. ૨૦-૨-૨૦૧૪**

January 26 Republic Day 2014

# યુજીવીસીએલ દ્વારા ૨૬મી જાન્યુઆરી ગણતંત્રદિનની ઉત્સાહભેર ઉજવણી



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૬૫મા ગણતંત્ર દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ. 'જન ગણ મન' રાષ્ટ્રગીતના સમૂહગાન સાથે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર અને ઇનચાર્જ વિશેષ મહાપ્રબંધક (એચઆર) શ્રી પી. જે. ત્રિવેદી, અધિક્ષક ઇજનેર (જેટકો) શ્રી ડી. જે. વ્યાસ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ, કર્મચારી ભાઈઓ અને બહેનો તથા પરિવારનાં બાળકોની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન થયેલ.

મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ આ પ્રસંગે પ્રેરક ઉદ્બોધન કરેલ. ગાંધીનગર વિભાગીય કચેરીના સિનિયર આસિસ્ટન્ટ શ્રીમતી ધારીણીબહેન દેસાઈએ દેશભક્તિનું ગીત રજૂ કર્યું હતું. જેટકોના કર્મચારીની સુપુત્રી કુ. મીતિ શાહ તથા મેનેજિંગ ડિરેક્ટરશ્રીના કાર્યપાલક સહાયક શ્રી એસ. ભટ્ટાચાર્યે દેશભક્તિનાં ગીતો રજૂ કર્યાં હતાં.

કર્મચારીઓ તથા તેમના પરિવારના બાળકોને શૈક્ષણિક તથા રમતગમત ક્ષેત્રે કંપનીનું ગૌરવ વધારવા બદલ રોકડ પુરસ્કાર તથા સન્માનપત્રો અર્પણ કરવામાં આવેલ.

દેશભક્તિના માહોલ સાથે સંપૂર્ણ કાર્યક્રમનું સુંદર રીતે આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંકલન નાયબ ઇજનેર, રિજિઓનલ સ્ટોર ઓફિસ શ્રી એસ.બી. લિંબાચીયાએ કર્યું હતું.

આ પ્રસંગે મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ આપેલ સંદેશ અક્ષરસઃ નીચે મુજબ છે :

"૬૫મા ગણતંત્ર દિવસ નિમિત્તે ઉપસ્થિત મહેમાનો, યુજીવીસીએલ અને જેટકોના અધિકારીઓ, કર્મચારીઓ અને બાળકોને શુભકામનાઓ.

ગણતંત્ર દિવસનો તહેવાર અન્ય ધાર્મિક તહેવારોથી અલગ છે. આ આપણી જાતિ અથવા ધર્મના સિદ્ધાંતોથી અલગ આપણાં મૂળ તત્ત્વો અને ઓળખ પર આધારિત તહેવાર છે. આપણે દર વર્ષે ગણતંત્ર દિવસ એ જ હર્ષ અને ઉલ્લાસ સાથે મનાવીએ છીએ, જે ઉલ્લાસથી આપણે આપણા ધાર્મિક તહેવારો મનાવીએ છીએ.

૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણે આપણું બંધારણ અપનાવ્યું. એ દિવસથી જ બ્રિટિશ શાસનના નિયમોથી મુક્ત થઈને પોતાના દ્વારા લિખિત વ્યવસ્થાને સ્વીકારી. આપણે શાસનની લોકતાંત્રિક વ્યવસ્થા સ્વીકારી. આપણે નાગરિકોના અધિકાર અને કર્તવ્યોને સુનિશ્ચિત કર્યા. આપણે











શાસનના અલગ અલગ એકમો બનાવ્યા અને તેના અધિકારો અને કર્તવ્યોનું વર્ણન કર્યુ. જે શાસન વ્યવસ્થાને આપણા મહાન નેતાઓએ ૬૫ વર્ષ પહેલાં વિચારી હતી એ આજે પણ થોડાં સામાન્ય સંશોધનો સાથે મોટી સફળતા સાથે ચાલી રહી છે. આ બંધારણ દ્વારા મળેલી તાકાતના જોરે આજે એક સામાન્ય નાગરિક પણ, પછી તે કોઈ પણ ધર્મનો હોય કે કોઈ પણ જાતિનો હોય, ઊંચામાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

બંધારણમાં દર્શાવાયેલી શાસન વ્યવસ્થાએ જ વિવિધતાપૂર્ણ ભારતને એક બનાવી રાખ્યું છે. મારો દૃઢ વિશ્વાસ છે કે જો દેશમાં શાંતિ રહે છે, પરસ્પર વિવાદ ઓછો રહે છે તો દેશ વિકાસના માર્ગે ઝડપથી આગળ વધે છે. દેશે આ ૬૫ વર્ષોમાં અલગ અલગ ક્ષેત્રોમાં ઘણો વિકાસ કર્યો છે. કૃષિ, શિક્ષણ, આરોગ્ય, વિજ્ઞાન, જળ સંસાધન,



ટ્રોફી અર્પણ કરતા કબડ્ડીના કેપ્ટન

ઉદ્યોગ વગેરે તમામ ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે.

ઊર્જાના ક્ષેત્રમાં ભારત વિશ્વના અનેક દેશોથી આગળ છે. ઊર્જા અને વિકાસ વચ્ચે ઊંડો સંબંધ છે. જેને ધ્યાનમાં રાખીને ઊર્જાનાં ક્ષેત્રો જેમ કે ઓઈલ, ગેસ અને કોલસાનાં સંસાધનોમાં વાર્ષિક વિકાસ દર ૬.૫ ટકા નિશ્ચિત કરવામાં આવ્યો છે. દેશ ઊર્જા ક્ષેત્રમાં સ્વાવલંબી બને અને નિકાસ ઘટે એ માટે ઊર્જા કાર્યક્ષમતા પર ભાર આપવામાં આવી રહ્યો છે. ઊર્જા કાર્યક્ષમતા અને ઊર્જા કિંમતો બે મોટા વિષયો છે અને તે એકબીજાના પૂરક છે. આજના સમયમાં આપણે ગ્રાહકોને ઊર્જા કાર્યક્ષમતાનું મહત્ત્વ બતાવવું વધારે જરૂરી બની ગયું છે. આ સાથે ઊર્જા કિંમતો પણ એવી રીતે રાખવી



જોઈએ કે લોકો આ અતિ આવશ્યક વસ્તુનો દુરુપયોગ ન કરે.

ઊર્જા કિંમતોને ધ્યાનમાં રાખીને આપણે આપણો ખર્ચ ઘટાડવાનો છે અને આ કામ આપણે ઊર્જા વિતરણ વ્યવસ્થામાં નવી ટેકનોલોજી લાવીને કરી શકીએ છીએ. આપણી મીટર રિડીંગ વ્યવસ્થા જૂની અને ખામીયુક્ત છે. જેમાં સુધારો લાવવાના હેતુથી આ વર્ષે ગાંધીનગર જિલ્લામાં ફોટો બિલીંગની નવી વ્યવસ્થા શરુ થઈ ગઈ છે. આ વ્યવસ્થાનું સારું પરિણામ મળ્યું છે. સાથે સાથે અમુક સબડિવિઝનમાં વેન-બિલીંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

હાલમાં સલાલ સબ ડિવઝનમાં જીપીઆરએસ આધારિત મીટર રિડીંગની વ્યવસ્થા કરવામાં આવી છે. જેની સાથે યુજીવીસીએલની વીજ વિતરણની અતિ આધુનિક વ્યવસ્થા સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ પણ અમદાવાદના નરોડા અને પાલનપુરના ડીસામાં ચાલુ કરવામાં આવશે. મને એ જણાવતાં હર્ષ થાય છે કે આ બે સબ ડિવિઝનમાં દેશની સર્વપ્રથમ સ્માર્ટગ્રીડ આવનારાં ૨ વર્ષોમાં બનીને તૈયાર થશે.

રાજ્ય સરકાર દ્વારા રુફ ટોપ સોલાર પ્રોજેક્ટ અંતર્ગત મહેસાણામાં ૪ મેગાવોટની રુફ ટોપ સોલાર સિસ્ટમ પ્રોજેક્ટને પણ મંજૂરી મળી છે.



ટ્રોફી અર્પણ કરતા વોલીબોલના કેપ્ટન



ટ્રોફી અર્પણ કરતા બ્રીજના કેપ્ટન

**શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર બાળકોની યાદી**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| ચિ. રાઘવ, સુપુત્ર શ્રી બી.વી. પટેલ | જુ. આ. | વિભાગીય કચેરી, મોડાસા |
| કુ. દેવાંશી, સુપુત્રી, શ્રી એમ.એસ. ગાંધી | ના.ઇ. | ગ્રા. પે. વિ. કચેરી, માણસા |
| ચિ. ઘનશ્યામ, સુપુત્ર, શ્રી ડી.એન. પરમાર | જુ.આ. | ગ્રા. પે. વિ કચેરી, માણસા |

આપ જાણો છો તેમ યુજીવીસીએલે ખેતરોમાં રહેનારા લોકોને ૮ કલાક થ્રી ફેઝ વીજળી આપતાં ટ્રાન્સફોર્મરની પેટન્ટ લીધી છે. આ ખાસ પ્રકારના ટ્રાન્સફોર્મરની માંગ દેશના અન્ય રાજ્યોમાં પણ છે. હમણાં હરિયાણામાંથી ૧૫૦૦ આવા ટ્રાન્સફોર્મરનો ઓર્ડર યુજીવીસીએલને મળ્યો છે.

ખાસ કરીને ટેક્નિકલ ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ સુરક્ષિત રહીને પોતાનું કામ કરે તે માટે હેલમેટ, સેફટી બેલ્ટ, સેફટી શૂઝ, સેફટી ગ્લવ્ઝ વગેરે આપવામાં આવ્યા છે. મારે આગ્રહપૂર્વક કહેવાનું છે કે તમે આ ચીજોનો ઉપયોગ કરો અને દુર્ઘટનાઓથી બચો. આપણા ગ્રાહકો માટે આપના માધ્યમથી અને અહીં ઉપસ્થિત મહેમાનોને નિવેદન છે કે આપ આપના ઘરોમાં ઈએલસીબીનો ઉપયોગ કરો.

દર વર્ષે યુજીવીસીએલ શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ પરિણામ લાવતાં બાળકોને સન્માનિત કરે છે. સાથે સાથે યુજીવીસીએલના કર્મચારી-અધિકારીઓ કે જેમણે અતિ વિશેષ કામ કર્યું છે તેઓને પણ સન્માનિત કરવામાં આવે છે. હું એ સૌને અભિનંદન આપું છું.

અંતમાં ફરી એક વાર યુજીવીસીએલ, જેટકોના સમસ્ત અધિકારીઓ, કર્મચારીઓ, મહેમાન અને બાળકોને ગણતંત્ર દિવસ નિમિત્તે શુભેચ્છાઓ વ્યક્ત કરું છું.

અંતમાં હું આપને નિવેદન કરું છું કે આપ સૌ મારી સાથે ત્રણ વખત જય હિંદ બોલો.

જય હિંદ, જય હિંદ, જય હિંદ! ■

## રમત-ગમતક્ષેત્રે સિદ્ધિ મેળવીને સન્માનિત થયેલકર્મચારીઓની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | રમતનું નામ |
|---|---|---|---|
| શ્રી એમ.આર. અસોડા | વોચમેન | હિંમતનગર વર્તુળ કચેરી | ઈન્ટરકંપની કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિટન ટીમના સભ્ય તરીકે |
| શ્રી એલ.ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ગાભોઈ | |
| શ્રી એમ.કે. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા | |
| શ્રી એચ.આર. નિનામા | હેલ્પ | પેટા વિભાગીય કચેરી, હિંમતનગર | |
| શ્રી વી.આર. બારીયા | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ધોળકા | |
| શ્રી સી.એમ. ચૌહાણ | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ચાણસ્મા | |
| શ્રી આર.એમ. ચૌધરી | હેલ્પર | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ડીસા | |
| શ્રી પી.પી. પટેલ | હેલ્પર | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, દાંતા | |
| શ્રી જે.એમ. મન્સુરી | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ચાણસ્મા | |
| શ્રી એમ.આર. લોહ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, કોઠ | |
| શ્રી એ.પી. પટેલ | સહાયક સચિવ | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા | ઈન્ટરકંપની બ્રીજ ટુર્નામેન્ટમાં રનર્સઅપ ટીમના સભ્ય તરીકે |
| શ્રી કે.એસ. સીંધી | નાયબ ઈજનેર | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા | |
| શ્રી એ.કે. પટેલ | ટ્રેસર | વર્તુળ કચેરી, મહેસાણા | |
| શ્રી એમ.પી. સાકયા | નાયબ ઈજનેર | વર્તુળ કચેરી, હિંમતનગર | |
| શ્રી સી.વી. જોષી | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, સિદ્ધપુર | |
| શ્રી આર.એન. મોઢ | નાયબ ઈજનેર | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, સિદ્ધપુર | |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | હાઈવે પેટા વિભાગીય કચેરી, સિદ્ધપુર | ઈન્ટરકંપની વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સઅપ ટીમના સભ્ય તરીકે |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | વિભાગીય કચેરી, રાધનપુર | |
| શ્રી એચ.આર. નિનામા | હેલ્પર | ગ્રામ્ય પેટા વિભાગય કચેરી, હિંમતનગર | |
| શ્રી કે.જે. કલાસવા | આસિસ્ટન્ટ લાઈમેન | શહેર પેટા વિભાગય કચેરી, મહેસાણા | |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | શહેર પેટા વિભાગય કચેરી, પાલનપુર | |
| શ્રી ડી.જે. ફેરા | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગય કચેરી, લાખણી | |
| શ્રી આઈ.જે. ગામેતી | ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગય કચેરી, ખેડબ્રહ્મા | |
| શ્રી વી.એચ. અસારી | આઈ. આર. ઓ. | રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા | |
| શ્રી એસ.આર. પટેલ | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ઉઝા | |
| શ્રી વાય.કે. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ઈકબાલગઢ | |
| શ્રી બી.એ. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, વડનગર | |
| શ્રી એસ.ડી. ફનેજા | નાયબ અધિક્ષક (વહીવટ) | વિભાગીય કચેરી, ભીલોડા | |
| શ્રીમતી એ.એન. ખાલપાડે | નાયબ ઈજનેર | વિભાગીય કચેરી, બોપલ લેબ | ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમના સભ્ય તરીકે |
| એન.ડી. સાટોડીયા | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, બોપલ | ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ ટેની કોઈટ ટુર્નામેન્ટમાં પસંદગી બદલ |
| શ્રી જે.જી. ચૌધરી | જુનિયર આસિસ્ટન્ટ | પેટા વિભાગીય કચેરી, ખેરાલુ | ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિસિટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પસંદગી બદલ |
| શ્રી વાય.એસ. રાવલ | જુનિયર આસિસ્ટન્ટ | હાઈવે પેટા વિભાગીય કચેરી, પાલનપુર | |




# યુજીવીસીએલે પ્રાપ્ત કર્યો બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ એવોર્ડ

## યુજીવીસીએલની યશકલગીમાં વધુ એક સોનેરી પીંછાનો ઉમેરો...

સાતત્યપૂર્ણ વિશ્વસનીય વીજ પુરવઠાના વિતરણ દ્વારા ઉત્તર ગુજરાતના સામાજિક, આર્થિક અને સર્વાંગી વિકાસના ધ્યેય સાથે કટિબદ્ધ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા વિવિધ ગ્રાહકલક્ષી તથા સરકારલક્ષી કામગીરી હાથ ધરવામાં આવેલ છે તેમ જ વિવિધ ક્ષેત્રમાં કંપની દ્વારા પ્રશંસનીય પહેલ કરવામાં આવેલ છે. આ બધાના પરિણામે કંપનીની સ્થાપનાથી અત્યાર સુધીમાં કુલ ૧૨ જેટલા રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ અને સર્ટીફીકેશનથી કંપનીને સન્માનિત કરવામાં આવેલ છે. જે સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે.

આપણી કંપનીએ છેલ્લા કેટલાક સમયથી સંશોધનાત્મક ક્ષેત્રે પણ મહત્ત્વની કામગીરી હાથ ધરી છે. જેમાં 'સ્પેશિયલ ડિઝાઈન ટ્રાન્સફોર્મ'ના આવિષ્કારમાં મહત્ત્વની ભૂમિકા ભજવેલ ત્યાર બાદ આ ટ્રાન્સફોર્મરની જરૂરિયાતને અનુલક્ષીને વધારે સંશોધન હાથ ધરવામાં આવ્યા અને અત્યંત આધુનિક એવા 'પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર (PAT)'નો આવિષ્કાર કરવામાં આવ્યો છે.

તાજેતરમાં ઈન્ડિયા યુટિલિટી નોલેજ એન્ડ નેટવર્કિંગ ફોરમ ૨૦૧૪ (IUKAN) દ્વારા વીજક્ષેત્રે કરવામાં આવી રહેલ સંશોધનોને અનુલક્ષીને અન્વેષણ માટે અરજીઓ મંગાવવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના નેતૃત્વ હેઠળ તથા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈના માર્ગદર્શન હેઠળ 'સ્પેશિયલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર'ની રચનામાં જેમની મહત્ત્વની ભૂમિકા હતી તેવા ઉત્તર ગુજરાત વીજ કંપનીના જિજ્ઞાસુ અને સંશોધક શ્રી આર.બી. પટેલ દ્વારા તૃટિઓ દૂર કરીને નવીન આવિષ્કાર કરવામાં આવ્યો, જેને નામ 'પાયલોટ એડવાન્સ્ડ ટ્રાન્સફોર્મર' (PAT) આપવામાં આવ્યું.

કંપની દ્વારા 'બેસ્ટ યુટિલિટી પ્રેક્ટિસ એવોર્ડ'ની વિભાગીય અરજી કરવામાં આવી હતી. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારના વીજ વિતરણ વ્યવસ્થા માટે એક સંશોધન વિષય પર આ અરજી કરવામાં આવેલ. સમગ્ર ભારતમાંથી કુલ ૧૯ વીજ કંપનીઓ દ્વારા અરજીઓ કરવામાં આવેલ હતી. મુખ્ય સ્પર્ધા છેલ્લે ટાટાપાવર, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને યુજીવીસીએલ વચ્ચે હતી. તજ્જ્ઞો દ્વારા કરવામાં આવેલ




પૃથક્કરણને અંતે તા. ૧૩-૨-૨૦૧૪ના રોજ દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારંભમાં યુજીવીસીએલને આ એવોર્ડ સ્વીકારવા માટે આમંત્રણ આપવામાં આવેલ.

તા. ૧૩-૨-૨૦૧૪ના રોજ હોટલ લે મેરિડિયન ખાતે IUKAN દ્વારા યોજાયેલ સમારંભમાં યુજીવીસીએલને પ્રથમ નંબરે પારિતોષિક એનાયત કરવામાં આવેલ. સ્પર્ધામાં ટાટા અને રિલાયન્સ જેવી કંપનીઓને મ્હાત કરીને પારિતોષિક પ્રાપ્ત કરવાની ઘટના કંપની માટે ગૌરવની વાત છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવની પ્રેરણાથી 'સ્પેશિયલ ડિઝાઇન ટ્રાન્સફોર્મર'માં રહેલી તૃટિઓ નિવારેલ તેમજ કંપનીના તજજ્ઞ ઇજનેરોને 'પાવર લાઇન' સંસ્થા દ્વારા આયોજિત રાષ્ટ્રીય કોન્ફરન્સમાં 'PAT'નું પ્રેઝેન્ટેશન આપવા સૂચના પાઠવવામાં આવેલ. જેને લીધે સમગ્ર રાષ્ટ્રમાં 'PAT'ના આવિષ્કારને વ્યાપક સ્વિકૃતી મળેલ છે.

યુજીવીસીએલ દ્વારા વિદ્યા ઇલેક્ટ્રોટ્રાન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે ભાગીદારીમાં મુંબઈ ખાતે 'પેટન્ટ' રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે. તાજેતરમાં ઉત્તર તથા દક્ષિણ હરિયાણા બીજળી વિતરણ નિગમ દ્વારા કંપનીએ સંશોધન કરેલ 'PAT'નો વિષદ્ અભ્યાસ કરીને ૧૫૦૦ જેટલાં ટ્રાન્સફોર્મરની ખરીદી માટે કોન્ટ્રેક્ટ કરવામાં આવેલ છે જેનો અભ્યાસ કરવા અવારનવાર વીજ વિતરણ કંપનીના હોદ્દેદારો, ઉચ્ચ અધિકારીઓ તથા તજજ્ઞો આપણી કંપનીની મુલાકાતે આવે છે.



**કંપનીને મળેલા આ પ્રતિષ્ઠિત એવોર્ડમાં જેમના સંશોધને મહત્ત્વનો ભાગ ભજવ્યો તેવા નાયબ ઇજનેર શ્રી આર. બી. પટેલની કામગીરીને બિરદાવવા માટે તેમને કાર્યપાલક ઇજનેર (આરએન્ડડી) તરીકે બઢતી આપવામાં આવી છે. યુજીવીસીએલ પરિવાર દ્વારા તેઓને ખૂબ ખૂબ શુભેચ્છા સાથે અભિનંદન પાઠવવામાં આવે છે.**

આગામી દિવસમાં આપણી કંપની દ્વારા કરવામાં આવેલ 'PAT' સિસ્ટમ સમગ્ર ભારત વર્ષની વીજ વિતરણ ક્ષેત્રની કંપનીઓ દ્વારા અપનાવવામાં આવશે તેવો આશાવાદ સેવવામાં આવી રહેલ છે.

આ એવોર્ડ શ્રી રેજી કુમાર પિલ્લાઈ, પ્રમુખશ્રી ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ફોરમ ''સ્માર્ટ ગ્રીડ વિઝન એન્ડ રોડમેપ ઓફ ઇન્ડિયન''ના વરદ હસ્તે શ્રી એસ. આર. પટેલ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) અને શ્રી આર.બી. પટેલ, નાયબ ઇજનેરને અર્પણ કરવામાં આવેલ.

આ એવોર્ડથી કંપનીના કર્મચારી આલમમાં હર્ષ અને ગૌરવની લાગણી ફેલાયેલ છે તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ વિતરણ, વીજ ઉત્પાદક અને પ્રવહન કંપનીમાંથી હકારાત્મક પ્રતિસાદ મળેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ કામગીરી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને તેમજ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ. ■

# ટીંટોઈ ખાતે નવનિર્મિત મકાન માટેનું ખાતમુહૂર્ત કરતા માનનીય મંત્રી શ્રી રમણલાલ વોરા

તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ ટીંટોઈ ખાતે હિંમતનગર સર્કલ ઓફિસના તાબા હેઠળની મોડાસા વિભાગીય કચેરીની ટીંટોઈ પેટાવિભાગીય કચેરીના નવનિર્મિત મકાન માટેનું ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના શિક્ષણ તથા સામાજિક ન્યાય અધિકારીતા (અનુસૂચિત જાતિઓનું કલ્યાણ) સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કેબિનેટ કક્ષાના મંત્રી શ્રી રમણલાલ વોરાના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ સમયે મોડાસા વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેરશ્રી ડી. એફ. સિન્હલ, ટીંટોઈ ગામના સરપંચશ્રી તથા ટીંટોઈના અગ્રણીઓ, જનતા તથા કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. ■










# હિંમતનગરમાં પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ યુજીવીસીએલનો ટેબ્લો

તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૬૫મા પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ હિંમતનગર ખાતે યોજવામાં આવેલ. જેમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા પોતાની કામગીરી અને વિકાસ અંગેની માહિતી દર્શાવતા ટેબ્લોનું નિદર્શન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સ્માર્ટ ગ્રીડ અને સોલર વીજ ઉત્પાદન અંગે માહિતી દર્શાવતો ટેબ્લો રજૂ કરવામાં આવેલ. જે ઉપસ્થિત નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ. ■









# હિંમતનગર ખાતે શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે નવીન મકાનના બાંધકામનું ભૂમિપૂજન






તા. ૨૩-૧-૨૦૧૪ના રોજ હિંમતનગર સર્કલ ઓફિસ ખાતે આવેલ હિંમતનગર વિભાગીય કચેરી, હિંમતનગર (ટાઉન) પેટા વિભાગીય કચેરી તથા મહેતાપુરા પેટા વિભાગીય કચેરીના નવીન મકાન માટેનું ખાત મુહૂર્ત ગુજરાત રાજ્યનાં કેબિનેટ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી બંછાનિધિ પાની, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, ભૂતપૂર્વ ગૃહરાજ્ય મંત્રી તથા ધારાસભ્ય શ્રી પ્રફુલભાઈ પટેલ તથા મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈ, વિશેષ મુખ્ય ઈજનેરશ્રી પી. જે. ત્રિવેદી, ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેર શ્રી એચ. એમ. રામી વિવિધ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં માણેકકૃપા શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ. ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેરે સ્વાગત પ્રવચન કર્યુ હતું. શ્રીમતી આનંદીબહેન પટેલે ભૂમિપૂજન બાદ કરવામાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સમગ્ર દેશની સરખામણીમાં ગુજરાત રાજયમાં વીજ વિતરણની બાબતમાં આપણે અગ્રેસર હોવાનો ઉલેખ કરેલ. તેમજ ડાર્કઝોન વિસ્તારમાં વીજ કનેક્શનો આપવાના લક્ષ્યાંકની પ્રાપ્તિ માટે યુજીવીસીએલને અભિનંદન પાઠવેલ. નવીન મકાનથી ગ્રાહકને અને કર્મચારીઓને સગવડતાઓમાં વધારો થતા કાર્યક્ષમતામાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવેલ. તા. ૨૬-૧-૨૦૧૪ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ ધ્વજવંદન કાર્યક્રમને લઈને હિંમતનગર ખાતે વિવિધ વિકાસના કામોના અમલીકરણ માટે અલગ અલગ જગ્યામાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. મહેસાણા ખાતે વિભાગીય કચેરીના નાયબ ઈજનેર શ્રી અજય વખારીયા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવેલ. જ્યારે હિંમતનગર સર્કલ ઓફિસ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ■

# અરવલ્લી ઉત્સવ નિમિત્તે મોડાસા ખાતે યુજીવીસીએલ દ્વારા સ્ટોલનું નિદર્શન

તા. ૨૫-૨૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ નવનિર્મિત અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે અરવલ્લી ઉત્સવના આયોજન પ્રસંગે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માર્ગદર્શન અન્વયે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સ્માર્ટ ગ્રીડ અને સ્માર્ટ મીટર અંગેની વિસ્તૃત સમજ આપતા સ્ટોલનું નિદર્શન કરવામાં આવેલ.

મોડાસા ખાતે આ પ્રકારના પ્રદર્શનનું પ્રથમ વખત નિદર્શન થતું હોવાથી લોકોનો ખૂબ ધસારો જોવા મળેલ. સ્ટોલમાંથી વીજક્ષેત્રની વિવિધ માહિતી આપતા પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવેલ.

સમગ્ર સ્ટોલનું આયોજન કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એન. શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી પી.જે. ત્રિવેદી દ્વારા મોડાસા વિભાગીય કચેરીના કર્મચારીઓના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવેલ. ■

# મહેસાણા ખાતે આરએસઓના નવનિર્મિત મકાનનું લોકાર્પણ



તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ મહેસાણા ખાતે હાઈવે ઈન્ડસ્ટ્રીયલ સબડિવિઝન જીઆઈડીસી ખાતે તેમજ રીજિયોનલ સ્ટોર ઓફિસનું ઉદ્‌ઘાટન રાજ્ય સરકારના ચીફ એડિશનલ સેક્રેટરીશ્રી તથા ઊર્જા વિભાગના અગ્રસચિવ શ્રી ડી.જે. પાંડિયનના વરદ્‌ હસ્તે કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે તેઓ ઉપસ્થિત રહી શક્યા નહોતા. શ્રી પાંડિયને પોતાનો શુભેચ્છા સંદેશ મેનેજિંગ ડિરેક્ટરશ્રીને પાઠવ્યો હતો.

રીજિયોનલ સ્ટોર ઓફિસ ખાતે મકાનનું અનાવરણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવના વરદ્‌ હસ્તે કરવામાં આવે. ત્યાર બાદ રીજિયોનલ સ્ટોર ઓફિસની રીબન કાપીને તેની લોકાર્પણ વિધિ કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઇ, મુખ્ય ઇજનેર (પીએન્ડપી) શ્રી એસ. આર. પટેલ, જનરલ મેનેજર (ફાઇનાન્સ) શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એમ.જી. ભાવસાર, શ્રી એમ.કે. રાઠોડ તથા જેટકોના અધિક્ષક ઇજનેર શ્રી ડી.જે. વ્યાસ તથા ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનો ઉત્સાહભેર વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન શ્રી એચ.એમ. રામી અધિક્ષક ઇજનેર દ્વારા કરવામાં આવેલ. તેઓએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે વીજ વિતરણ ક્ષેત્રે અગ્રીમ હરોળની કંપની તરીકે યુજીવીસીએલ કંપની કર્મચારીઓની સુવિધા બાબત સજાગ રહી તેઓને શ્રેષ્ઠ માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થાય તેવો અભિગમ ધરાવે છે તે સરાહનીય છે. આ અગાઉ મહેસાણા વર્તુળ કચેરીનાં બહેનો દ્વારા પ્રાર્થનાગીત રજૂ કરવામાં આવેલ. શબ્દોથી સ્વાગત બાદ ઉપસ્થિત મહાનુભવોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

શ્રી એસ.આર. પટેલ, મુખ્ય ઇજનેરશ્રી દ્વારા શ્રી ડી.જે. પાંડિયન સાહેબનો સંદેશો વાંચી સંભળાવવામાં આવેલ. શ્રી પાંડીયને પ્રસંગને હાર્દિક શુભકામના પાઠવીને પ્રસંગને સફળ બનાવવામાં ભાગીદાર તમામ કર્મચારીઓ/અધિકારીઓને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી એસ.આર. પટેલ દ્વારા નવીન મકાનની સગવડો સાથે સ્ટોરની કામગીરીમાં હાજર સ્ટોકમાં હોય તેવું મટીરીયલની જાણ તમામ સ્તરે રહે તેવી વ્યવસ્થા ગોઠવણી કરવાનું આહ્‌વાન કરેલ કે જેથી મટીરીયલનો જરૂરિયાત મુજબ ઝડપથી ઉપયોગ થઈ શકે.

શ્રી પી.જે. ત્રિવેદી દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કંપનીના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં વિવિધ કચેરીઓના મકાનના નવીનીકરણની માહિતી આપી હતી. શ્રી આર.બી. કોઠારી, જનરલ મેનેજર



(ફાઈનાન્સ) દ્વારા કંપનીને લગતી અન્ય પ્રવૃત્તિઓની માહિતી સાથે એકાઉન્ટને લગતી કંપનીની કામગીરીમાં ૯૫+ માર્ક્સ સાથે આગામી દિવસોનું કંપનીને રેટિંગ મળી શકે તેમ છે તેવો આશાવાદ વ્યક્ત કરેલ.

મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબહેન દેસાઈએ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના હકારાત્મક અભિગમને લીધે કર્મચારીઓ અને ગ્રાહકોને આપવામાં આવેલ સુવિધાઓ માટે આનંદની લાગણી વ્યક્ત કરેલ. અગાઉના સ્ટોરની હાલના આધુનિક મકાન સાથે સરખામણી કરીને તેઓએ કર્મચારીઓને નવીન મકાન માટે અભિનંદન પાઠવેલ.





કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા સ્ટોરના કંપાઉન્ડની હાલત તથા મકાનની હાલની રોજ રોજ નોંધ લેવાતી હતી તેવું જણાવેલ અને સ્ટોરમાં પડેલ મટીરીયલ તથા કર્મચારીઓને મકાનની બાબતમાં નડતા પ્રશ્નોના નિવારણની જરૂરિયાતને ધ્યાને લેવામાં આવી હોવાનું જણાવી નાયબ ઈજનેર શ્રી એસ.બી. લીંબાચીયા તથા તેમના કર્મચારીઓને નવીન મકાનની શુભેચ્છા પાઠવવામાં આવેલ. નાયબ ઈજનેરશ્રી અજય વખારીયા દ્વારા કાર્યક્રમનું સંચાલન હાથ ધરવામાં આવેલ. ■



# મહેસાણા ખાતે નવનિર્મિત વિભાગીય કચેરી અને ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના મકાનનું ભૂમિપૂજન



મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા ભૂમિપૂજન





ખાતમુહૂર્તની આગળ વધતી વિધિ



પ્રસંગે ઉપસ્થિત રહેલા ઉચ્ચ અધિકારીઓ

તા. ૧૯-૧-૨૦૧૪ના રોજ મહેસાણા કોર્પોરેટ ઓફિસના કેમ્પસમાં મહેસાણા વિભાગીય કચેરી તથા મહેસાણા ગ્રામ્ય પેટવિભાગીય કચેરી માટેના નવનિર્મિત મકાન માટે ખાતમુહૂર્તનો કાર્યક્રમ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રીમતી છાયાબેન દેસાઈ તથા મહેસાણા સર્કલ ઓફિસના અધિક્ષક ઈજનેર શ્રી એચ.એમ. રામીની હાજરીમાં યોજાયેલ. ખાતમુહૂર્તની વિધિ કંપનીના વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) અને ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધકના શ્રી પી.જે. ત્રિવેદીના વરદ હસ્તે કરાવવામાં આવ્યું હતું.

ખાતમુહૂર્તની વિધિ શ્રી જે. એચ. રાવલ, જૂનિયર આસિસ્ટન્ટ (ટાઈપિસ્ટ) દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી. ■

# યુજીવીસીએલ દ્વારા ગ્લોરિયસ ગુજરાત વિઝન ૨૦૨૦ અન્વયે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે થીમ પેવેલિયનનું આયોજન

તા. ૧૧થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ ઇન્ટરનેશનલ કાઇટ ફેસ્ટિવલ સાથે ગુજરાત રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન અન્વયે 'વિઝન ૨૦૨૦'ને અનુલક્ષીને ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા એક થીમ પેવેલિયનનું નિદર્શન યોજવામાં આવેલું, જેમાં સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને સોલર ઉત્પાદન અંગેની વિવિધ સ્લાઇડ્સ દર્શાવવામાં આવેલ. આ પ્રસંગે સ્માર્ટ ગ્રીડની સમજ આપતી સીડીનું નિદર્શન પણ યોજવામાં આવેલ.

ત્રણ દિવસ સુધી આયોજીત આ થીમ પેવેલિયન મુલાકાતીઓ માટે માહિતી મેળવવા માટેનું મહત્ત્વનું કેન્દ્ર બનેલ. ખાસ કરીને પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે તેમના અભ્યાસને અનુલક્ષીને જ્ઞાન વધારવા માટેનો મહત્ત્વનો સ્ત્રોત પૂરવાર થયેલ.

આ થીમ પેવેલિયનની મુલાકાત લેનાર મહત્ત્વના મહાનુભવોમાં શ્રી સૌરભભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી કેબિનેટ, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ તથા શ્રી આઈ.એમ. ભાવસાર, ચેરમેન ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ ઓથોરિટી તથા ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર યુજીવીસીએલ સામેલ હતા. જેઓ આ થીમ પેવેલિયન જોઈને પ્રભાવિત થયા હતા.

સ્માર્ટ ગ્રીડ અન્વયે વીજ વિતરણની વ્યવસ્થાનું નિદર્શન કરીને સમગ્ર પ્રોજેક્ટની મુલાકાતીઓની સમજ પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવેલ. તેમજ સ્માર્ટ મીટર દ્વારા અલગ અલગ સમયે વીજ ટેરિફના બદલાતા દરો અંગેની વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.

તા.૧૨-૧-૨૦૧૪ના રોજ 'સ્માર્ટ ગ્રીડ ડેવલપમેન્ટ ઇન ગુજરાત'ના વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. રાહુલ ટોંગિયા, એડવાઇઝર, ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ટાસ્ક ફોર્સ દ્વારા 'સ્માર્ટ ગ્રીડ ફોર યુ એન્ડ મી' ઉપર પ્રેઝન્ટેશન આપવામાં આવેલ. ત્યાર બાદ શ્રી રેજી કુમાર પિલ્લઈ, પ્રેસિડેન્ટ, ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ફોરમ દ્વારા 'સ્માર્ટ ગ્રીડ વિઝન એન્ડ રોડમેપ ઓફ ઇન્ડિયા'ના વિષય ઉપર પ્રેઝન્ટેશન અને વક્તવ્ય આપવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એન. શ્રીવાસ્તવ દ્વારા 'યુજીવીસીએલના સ્માર્ટ ગ્રીડ પાયલોટ પ્રોજેક્ટ નરોડા અને ડીસા ખાતે'નું પ્રેઝન્ટેશન આપવામાં આવેલ. ડીસા અને નરોડા ખાતે તા. ૧ એપ્રિલ ૨૦૧૪ના રોજથી અમલ થવા જઈ રહેલ સ્માર્ટ ગ્રીડના પાયલોટ પ્રોજેક્ટ અંગે વિગતવાર માહિતી આપેલ. જેનાં દૂરોગમી પરિણામો વિશેનાવિગતવાર પૃથક્કરણથી ઉપસ્થિત શ્રોતાઓ પ્રભાવિત થયેલ.

શ્રી અજોય રાજાણી, સિનિયર એક્ઝિક્યુટીવ, વાઇસ પ્રેસિડેન્ડ, રિલાયન્સ ઇન્ફ્રા ટાસ્કસ લિમિટેડ દ્વારા 'વેરીયસ માર્કેટ ઓપર્ચ્યુનિટીઝ ઇન ધ ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ સેક્ટર' પર પ્રેઝન્ટેશન આપવામાં આવેલ. ત્યાર બાદ શ્રોતાઓના સવાલોના જવાબો આપવામાં આવ્યા. પરિસંવાદમાં વીજક્ષેત્રના તજજ્ઞો, ઉદ્યોગકારો, પીડીપીયુના વિદ્યાર્થીઓ તથા યુજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેલ. પ્રવેગ દ્વારા સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■
















## પ્રાર્થના : ઈશ્વર સાથેનો સંવાદ

તારા સાન્નિધ્યની મજા એ છે કે તું નથી, છતાં તું છે.
તું છે એ મારો ભ્રમ નથી, પણ મારો બ્રહ્મ છે.
મારી પાસે તારું સરનામું છે.
મારી શ્રદ્ધા એ તારું સરનામું નહીં તો બીજું શું?
એક સૂરજ ઊગે છે આભમાં અને એક ઊગે છે મારી પ્રાર્થનામાં.
મારા શબ્દોમાં તમે પ્રવેશો છો, એટલે તો એ પ્રાર્થના થાય છે.
તું અમને અમારો દોષ બતાવી નિર્દોષ કરનાર.
અમે પતિત, તું પાવન, અમે રણ, તું શ્રાવણ.
તું અમને અપૂર્ણને સ્વીકારે છે તે તારી પૂર્ણતા.
અમે પળે પળે પામર પૂરવાર થઈએ છીએ અને તું પરમ.
પામર અને પરમનો સંબંધ પણ આટલો સનાતની હોઈ શકે
એ જ નર્યા વિસ્મયની વાત.
મારા શબ્દોમાં તમે પ્રવેશો છો એટલે તો એ પ્રાર્થના થાય છે.
પ્રાર્થના આપમેળે થયા કરે હૃદયના સહજ ભાવ અને ભાવનાથી.
તારી સ્મૃતિ એ પણ પ્રાર્થના છે.
હું ધરતી, તમે આકાશ અને આપણા વચ્ચે એક જ ક્ષિતિજ,
તારા હોવા અને ના હોવાનો ભેદ એટલે જીવન અને મરણ.
હે પ્રભુ, આ રહી મારી જીવનકિતાબ,
એ તને સોંપું છું એક જ વિનંતી સાથે કે,
જ્યારે તું એને બંધ કરે ત્યારે ક્યાંક વચ્ચે તારું મોરપીંછ મૂકવાનું ભૂલતો નહીં.
ભક્તિમાં ઝરમરતા આંસુ એ જ આપનું તીર્થસ્થાન.

**કવિ સુરેશ દલાલના લેખમાંથી,**

**સંકલન : શ્રીમતી આર. બી. ગાંધી,** *સિનિયર આસિસ્ટન્ટ, વર્તુળ કચેરી, મહેસાણા.*

## !! આરાધના !!

કરી મન મંદિરે, પ્રતિસ્ઠા તવ પ્રતિમા તણી,
કરીશ આરાધના આજીવન, તુજ પ્રતિમા પૂજારી બની,
અગર હું યોગ્ય નહિ, ગર્ભ ગૃહે પ્રતિમા પૂજારી થવા,
તોય નહિ રહે અધૂરી, અવિરત રહેશે મારી આરાધના,
પૂજારી ના ભલે ગર્ભ ગૃહે, પથ્થર બનું હું મંદિર પગથિયે,
થશે પાવન દર્શન, ચરણરજ થઈ તુજ ભક્ત તણી,
ને પ્રભુ ભલે આજ હું, પથ્થર મંદિર પગથાર તણો,
પ્રગટશે એ પથ્થરે તવ પ્રતિમા, જ્યાં સ્વયં વિરાજિત તું હશે,
એ જ વિશ્વાસ મારો, પ્રભુ એ જ મારી આરાધના.

**આર. બી. પટેલ ,** *નાયબ ઇજનેર, વર્તુળ કચેરી, મહેસાણા.*

**(માર્ગદર્શનઃ કવિ ઘનશ્યામ, કા.પા.ઈ., સાબરમતી.)**

## અધૂરપ

અષાઢનું આ રૂપ, આસમાને અવનવું,
આછી આછી વાદળી ને
ઝરમર ઝરમર વરસવું.

ઘડી ઘમઘોટ ને ઘડી ઉઘાડ,
સંભળાય ડાબલા, જાણે રણે ચઢી દોડતા,
મેઘરથ જોડી ઘોડલા.

ઝરમર ઝરમર મેઘ વરસે,
હરિયાળે વાગે છમછમ,
ઝાડવાં ઝૂકી ઝૂકી જંપ્યાં,
ધરતીને સંગ.

પવન થંભી જાય છે.
હવે જાણે વાત સાંભળવા,
મેઘદૂત બનવા ચહે છે,
કાલિદાસ કલમ ગ્રહે છે.

આસોપાલવના એ ઝાડના પર્ણ પર
એક મેઘબિંદુ અંતે ઢળી ધરણી પર
અમી બની મલકતું–

જાણે સંવેદનાઓનો ભાર
આંસુ બની છલકે છે, આ અનંત મધુરપમાં,
અધૂરપનો અહેસાસ ઝલકે છે.



**શ્રી ઘનશ્યામ પટેલ,**
કાર્યપાલક ઇજનેર, સાબરમતી
ડિવિઝન ઓફિસ

# અનંત ઊર્જાથી જીવનના દરેક ક્ષેત્રે ઉત્સાહથી આગળ ધપતી ટીમ યુજીવીસીએલ




સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

## આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cs@ugvcl.in
managercc@ugvcl.in
sanaik_41262@yahoo.co.in
cccell@ugvcl.com